| | | |
|---|---|---|
| | **જનસંપર્ક અધીકારી દ્વારા**<br>**પોલીસ કમિશનરશ્રીની કચેરી,**<br>**અમદાવાદ શહેર (P.R.O.)**<br>**ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩**<br>**કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦,**<br>**૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦** | |

**તા.૨૭/૧૧/૨૦૨૩ સોમવાર**

## અમદાવાદ શહેર પોલીસ સમાચાર

**નશાબંધી તથા જુગાર ધારા હેઠળ ઝડપાયાઃ-** **સમાચાર યાદી નં.૧૯૧૯/૨૦૨૩**

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૨૨ કેસ કરી, ૧૪ વ્યક્તિઓને ઝડપી, ૮૫ લીટર દેશી દારૂ અને ૪ ક્વાર્ટર ઇંગ્લીશ દારૂ કબજે કર્યો હતો. તેમજ જુગાર ધારા હેઠળ ૨ કેસ કરી ૩ વ્યક્તિઓની ઝડપી રોકડ રૂપિયા ૨૧,૭૦૦/- અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

**તકેદારીના પગલા હેઠળ ઝડપાયાઃ-** **સમાચાર યાદી નં.૧૯૨૦/૨૦૨૩**

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ ૪૨ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી.૯૩ મુજબ ૨ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

**ઘરફોડઃ-** **સમાચાર યાદી નં.૧૯૨૧/૨૦૨૩**

**વસ્ત્રાપુરઃ** પાર્થ સ/ઓ રવિ કપૂર (રહે. ફ્લેટ-૩ શીલ એપાર્ટમેન્ટ પંચમ એપાર્ટમેન્ટ સામે લાડ સોસાયટી રોડ વસ્ત્રાપુર) એ તા.૨૬/૧૧/૨૦૨૩ ના રોજ વસ્ત્રાપુર પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૨૩/૧૧/૨૦૨૩ સવારના ૭/૧૫ થી ૮/૩૦ વાગ્યા સુધીના સમયગાળા દરમ્યાન પોતાના ખુલ્લા મકાનમાં અજાણી વ્યક્તિ પ્રવેશ કરી અલગ-અલગ કંપનીના મોબાઇલ ફોન નંગ-૨ તથા લેપટોપ નંગ-૨ મળી કુલ કિંમત રૂપિયા ૮૨,૦૦૦/- ચોરી કરી લઈ ગઈ છે. આ ગુનાની તપાસ હે.કો.નરસિંહભાઇ ચલાવે છે.

**આત્મહત્યાઃ-** **સમાચાર યાદી નં.૧૯૨૨/૨૦૨૩**

**રિવરફ્રંટ વેસ્ટઃ** જયંતિલાલ મફાભાઈ રાવત (ઉ.વ.૬૦) (રહે. ટાટા એડવાન્સ મીલની ચાલી એડવાન્સ પ્લાઝા પાછળ તાવડીપુરા) એ બિમારીથી કંટાળી તા.૨૬/૧૧/૨૦૨૩ બપોરના ૧/૧૫ વાગ્યા પહેલા સરદારબ્રીજ પાસે જમાલપુર સ્માશાન સામે રીવરફ્ન્ટ પુર્વ વોક-વે રેમ્પ નંબર-૨ નજીક નદીમાં પડતું મુકી આત્મહત્યા કરી હતી. આ અંગે રિવરફ્રંટ વેસ્ટ પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ હે.કો.શ્રી વિક્રમભાઇ મનજીભાઇ ચલાવે છે.

પોલીસ ઇન્સ્પેક્ટર,
કંટ્રોલરૂમ, અ’વાદ શહેર.
પોલીસ કમિશનર વતી